જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૨/૨૦૨૩ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૮૩ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ બિયર ટીન કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૮ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૦,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૩૧૮/૨૦૨૩

**નરોડાઃ** સપનાબા વા/ઓ મુળરાજસિંજ વાઘેલા (ઉ.વ.૩૦) (રહે.ગામ-ગાંગડ દુમાલીયા ફળી તા.બાવળા જી.અમદાવાદ) તા.૧૮/૦૨/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર રેલવે સ્ટેશનથી ઓટોરીક્ષામાં બેસી નરોડા ગામ બી.આર.ટી.એસ.બસ સ્ટેશન સુધી ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષાચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ અન્ય એક પુરૂષે સપનાબહેન વાઘેલાની નજર ચુકવી બેગમાંથી સોનાનો હાર કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ સપનાબા વાઘેલા એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૩૧૯/૨૦૨૩

**ઓઢવઃ** સાગર પ્રમોદભાઇ જૈન (ઉ.વ.૩૨) (રહે. સુર્યકૃપા સોસાયટી નારાયણનગર ખોડીયારનગર રોડ નિકોલ) તા.૧૭/૦૨/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર શિવ ઇલેકટ્રોનિક્સ નામની દુકાન આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષો સાગર જૈનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૨૮,૫૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સાગર જૈન એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૦/૨૦૨૩</u>**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** જૈનુલ આબેદીન અંસારી (ઉ.વ.૫૦) (રહે. નબીનગર વિભાગ-૨ બેરલ માર્કેટ દાણીલીમડા) તા.૧૮/૦૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સાવધરીયા ફાર્મ નજીકથી સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ડમ્પર ગાડી નંબર જીજે ૧૮ એયુ ૯૬૦૧ ના ચાલકે ડમ્પર ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા જૈનુલ અંસારીને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર જૈનુલ અંસારીના ભાઈ એૈનુલહક અંસારીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૧/૨૦૨૩</u>**

**નારોલઃ** નારોલ ઇસનપુર હાઇવે મુકેશ ઇંડસ્ટ્રીઝ શ્યામ બીઝનેસ હબ ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા રાધાબહેન વા/ઓફ આષીશભાઇ વસૈયા (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ- સારામાળીયા તા-ઝાલોદ જી-દાહોદ) તા.૧૮/૦૨/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે સાફસફાઈનુ કામ કરતા હતા ત્યારે બિલ્ડીંગ ઉપરથી લોંખંડનો ફર્મો નિચે પડતા રાધાબહેન ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને મણીનગર સરદાર પટેલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.એ.ઘાસુરા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૨/૨૦૨૩</u>**

**નારણપુરાઃ** બિપીનભાઇ માવજીભાઈ પરમાર (ઉ.વ.૪૮) (રહે. ચામુંડાનગર રબારીવાસ ખોડીયાર ત્રણ રસ્તા પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૧૮/૦૨/૨૦૨૩ કલાક ૦૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલકુમાર રસીકભાઇ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** આશાબહેન વા/ઓ લક્ષ્મણસિંહ મકવાણા (ઉ.વ.૪૦) (રહે. રંગીન ફ્લેટ રાહુલ ફ્લેટની બાજુમાં વસ્ત્રાપુર) એ બિમારીથી કંટાળી તા.૧૮/૦૨/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા નહેરૂબ્રીજ અને એલીસબ્રીજ વચ્ચે રીવરફ્રન્ટ ઘાટ નંબર-૧૧ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**વાડજઃ** સંદિપકુમાર રામઆશરે રાય (ઉ.વ.૨૭) (રહે. અજંતા કોર્મશીયલ સેન્ટર દિપ કમલ શો-રૂમની બાજુમાં ઇન્કમટેક્ષ આશ્રમ રોડ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જિગ્નેશભાઇ પ્રવિણભાઇ ચલાવે છે.

**ઈસનપુરઃ** જાસ્મીનબહેન વા/ઓ હાર્દિકભાઇ દિવાન (ઉ.વ.૩૮) (રહે. ઇશ્વરનગર સોસાયટી વિભાગ-૬ ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી